આસામમાં લાપતા સુખોઇ વિમાનને શોધવામાં ખરાબ હવામાનથી મુશ્કેલી

(પીટીઆઇ) તેઝપુર, તા. ૨૪

ગઇકાલથી લાપતા થયેલા ભારતીય એરફોર્સના ફાઇટર જેટ સુખોઇ-૩૦ એમકેએનની શોધખોળમાં ખરાબ હવામાનને કારણે અવરોધ ઉભો થયો છે.

આઇએએફના સૂત્રોના જણાવ્યા અનુસાર ખરાબ હવામાન હોવા છતાંય આસામ અને તેની બાજુમાં આવેલા અરૂણાચલ પ્રદેશમાં શોધખોળ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર આ વિમાન આ આ બંને રાજ્યોની આસપાસ તૂટી પડ્યું હોવાની શક્યતા છે.

તેજપુરના સલોનીબાડી એરફોર્સ સ્ટેશનેથી બે પાયલોટ સાથેના સુખોઇ જેટે મંગળવાર સવારે ૧૦.૩૦ કલાકે ઉડવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન ચીને ભારતને જણાવ્યું છે કે તેની પાસે આ વિમાન અંગેની કોઈ માહિતી નથી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લુ કાંગે પત્રકારોને જણાવ્યું હતું કે અમારી પાસે આ વિમાનની કોઇ માહિતી ઉપલબ્ધ નથી. ઉલ્લેખનીય છે કે ભારતે ચીનને લાપતા વિમાનની માહિતી આપવા જણાવ્યું હતું.

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ સમક્ષ અમદાવાદ ખાતેની બેન્ચ

સીએ (સીએએ) નં. ૫૩/એનસીએલટી/એએચએમ/૨૦૧૭

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં

અને

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ને અન્ય સંબંધિત જોગવાઈઓની બાબતમાં

અને

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડની બાબતમાં

અને

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ તથા ધી અદાણી હાર્બર સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ અને તેમના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેની સ્કીમ ઓફ અરેન્જમેન્ટની બાબતમાં

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ,
કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલી કંપની, જેની રજીસ્ટર્ડ ઓફિસ અદાણી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ગુજરાત, ભારત ખાતે આવેલી છે.

... અરજદાર કંપની

અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ, પ્રેફરન્સ શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની મીટિંગ્સ બોલાવવા માટેની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે, ગુરૂવાર ૧૮ મે, ૨૦૧૭ના રોજ માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલની (એનસીએલટી) અમદાવાદ ખાતેની બેન્ચે એવો નિર્દેશ આપ્યો છે કે, અરજદાર કંપનીના ઈકવિટી શેરહોલ્ડર્સ, પ્રેફરન્સ શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની અલગ અલગ મીટિંગ્સ બોલાવવામાં આવે. એ બેઠકોનો હેતુ અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ તથા ધી અદાણી હાર્બર સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ (ટ્રાન્સફરી કંપની) અને તેના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેની સ્કીમ ઓફ અરેન્જમેન્ટમાં ("સ્કીમ") સમાવિષ્ટ વ્યવસ્થા વિષે વિચારણા કરવાનો, અને યોગ્ય લાગે તો, તેમાં સુધારાવધારા સાથે અથવા તે વિના તેને મંજૂરી આપવાનો છે.

આ આદેશ અન્વયે તેમજ તેમાં કરાયેલા નિર્દેશો અનુસાર વધુમાં એવી નોટીસ પણ આપવામાં આવે છે કે, અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ, પ્રેફરન્સ શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની અલગ અલગ મીટિંગ્સ નીચે દર્શાવ્યા મુજબની વિગતો અનુસાર યોજાશે અને તેમાં ઉક્ત ઈક્વિટી શેરહોલ્ડર્સ, પ્રેફરન્સ શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોને હાજરી આપવા વિનંતી છે.

ક્રમ. નં.	મીટિંગનો વર્ગ	મીટિંગની તારીખ	સમય (ભારતીય)	મીટિંગનું સ્થળ
૧.	ઈક્વિટી શેરહોલ્ડર્સ	મંગળવાર, ૨૭મી જુન, ૨૦૧૭	સવારે ૧૦.૦૦	જે. બી. ઓડિટોરીઅમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ, અટિરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ગુજરાત, ભારત
૨.	પ્રેફરન્સ શેરહોલ્ડર્સ		સવારે ૧૧.૦૦	
૩.	સીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચર હોલ્ડર્સ સહિત)		સવારે ૧૨.૦૦	
૪.	અનસીક્યોર્ડ લેણદારો		બપોરે ૧.૦૦	

સ્કીમ તથા કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦ (૩), ૨૩૨(૧) અને (૨) તથા ૧૦૨ને કંપનીઝ (કોમ્પ્રોમાઈઝીસ, એરેન્જમેન્ટ્સ એન્ડ એમાલગેમેશન્સ) રૂલ્સ, ૨૦૧૬ના નિયમ ૬ સાથે વંચાણે લીધા અન્વયેનું વિવરણાત્મક નિવેદન તેમજ ઉક્ત વિવરણાત્મક નિવેદનના પરિશિષ્ટોની નકલો વિના મૂલ્યે અરજદાર કંપનીની અદાણી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૯, ગુજરાત, ભારત ખાતે આવેલી રજીસ્ટર્ડ ઓફિસેથી અથવા તો તેના એડવોકેટ્સ, મે. સિંઘી એન્ડ કું, સિંઘી હાઉસ, ૧, મેગ્નેટ કોર્પોરેટ પાર્ક, સોલા બ્રિજ પાસે, એસ.જી. હાઈવે, અમદાવાદ – ૩૮૦ ૦૫૯, ગુજરાત, ભારત ખાતેથી મેળવી શકાશે. સ્કીમ, વિવરણાત્મક નિવેદન તથા પ્રોક્સી ફોર્મની નકલ અરજદાર કંપનીના શેરહોલ્ડર્સ/લેણદારો દ્વારા તેની માંગણી કરવામાં આવે તેના એક (૧) દિવસમાં (શનિવાર, રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) પુરા પાડવામાં આવશે. મીટિંગ્સમાં હાજરી આપવાનો અને વોટ આપવાનો અધિકાર ધરાવતી વ્યક્તિ પોતે રૂબરૂમાં અથવા તો પ્રોક્સી દ્વારા વોટ આપી શકે છે. પ્રોક્સી માટેની શરત એ છે કે તમામ પ્રોક્સીઝ નિયત ફોર્મમાં અરજદાર કંપનીની ઉપર દર્શાવિલી રજીસ્ટર્ડ ઓફિસ ખાતે ઉપર દર્શાવ્યા મુજબની મીટિંગ્સ શરૂ થવાના નિયત સમયના ૪૮ કલાક પહેલા જમા કરાવી દેવાના રહેશે. પ્રોક્સી માટેના ફોર્મ્સ અરજદાર કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતેથી મેળવી શકાશે.

એનસીએલટીએ અરજદાર કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર, પ્રો. જી. રઘુરામને, અને તેમની ગેરહાજરીમાં અરજદાર કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર શ્રીમતી રાધિકા હરિભક્તિને અને તેમની ગેરહાજરીમાં ડો. મલય મહાદેવીયા, અરજદાર કંપનીના પૂર્ણ સમયના ડિરેક્ટરને અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સ, પ્રેફરન્સ શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોની ઉપરોક્ત મીટિંગ્સ માટેના ચેરમેન/ચેરપર્સન નિયુક્ત કર્યા છે.

સ્કીમને ઉપર દર્શાવ્યા મુજબની મીટિંગમાં મંજૂરી મળશે તો, એ એનસીએલટીની ત્યારપછીની મંજુરીને આધિન રહેશે.

અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સને આથી વધુમાં નોટીસ આપવામાં આવે છે કે:

૧. અરજદાર કંપનીએ ઈક્વિટી શેરહોલ્ડર્સ સ્કીમ વિષે વિચારણા કરી શકે તેમજ તેને માન્યતા આપી શકે તે માટે પોસ્ટલ બેલેટ તથા ઈ-વોટીંગની સુવિધા પણ આપી છે. મીટિંગના સ્થળે બેલેટ પેપર / પોલિંગ પેપર દ્વારા વોટીંગ કરવાની પણ અરજદાર કંપનીએ સુવિધા આપી છે. ઈ-વોટીંગ સર્વિસીઝની સુવિધા માટે કંપનીએ સેન્ટ્રલ ડીપોઝિટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ)ની સેવાઓ પ્રાપ્ત કરી છે.

૨. ઈક્વિટી શેરહોલ્ડર્સની પોસ્ટલ બેલેટ અથવા તો ઈ-વોટીંગ કે પછી મીટિંગના સ્થળે વોટીંગ માટેની પાત્રતા નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ ૧૮મી મે, ૨૦૧૭ નક્કી કરવામાં આવી છે. અરજદાર કંપનીના બેનિફિશિયલ ઓનર્સનું નેશનલ સીક્યુરીટીઝ ડીપોઝિટરી લિમિટેડ / સીડીએસએલ દ્વારા જાળવવામાં આવતા રજીસ્ટરમાં કટ-ઓફ તારીખના રોજ જેમના નામ નોંધાયેલા હશે તેઓ જ વોટીંગ કરવા માટે પાત્ર ગણાશે. કટ-ઓફ તારીખના રોજ જે લોકો અરજદાર કંપનીના ઈક્વિટી શેરહોલ્ડર્સના હોય, તેમણે આ નોટીસને ફક્ત માહિતી માટેની છે એમ ગણી લેવી.

૩. ઈક્વિટી શેરહોલ્ડર્સ દ્વારા પોસ્ટલ બેલેટ તથા ઈ-વોટીંગ રવિવાર, ૨૮મી મે, ૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને સોમવાર, ૨૬મી જુન, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે પુરૂ થશે.

૪. યોગ્ય રીતે ભરાયેલા અને સહી કરેલા પોસ્ટલ બેલેટ સ્ક્રુટીનાઈઝરને ૨૬મી જુન, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં પહોંચી જવા જોઈએ. ઈક્વિટી શેરહોલ્ડર્સ દ્વારા ૨૬મી જુન, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાક પછી મળ્યા હોય તેવા પોસ્ટલ બેલેટ ધ્યાનમાં લેવાશે નહીં અને તેને ઈક્વિટી શેરહોલ્ડર્સ દ્વારા પ્રતિભાવ મળ્યો નથી તે રીતે ગણાશે. સીડીએસએલ દ્વારા ઈ-વોટીંગ મોડ્યુલ પણ ૨૬મી જુન, ૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ડિસેબલ કરી દેવાશે.

૫. કંપનીએ ૨૪ મે, ૨૦૧૭ના રોજ ઈક્વિટી શેરહોલ્ડર્સને નોટીસ, પોસ્ટલ બેલેટ ફોર્મ અને સૂચનાઓ તેમજ સેલ્ફ એડ્રેસ્ડ પોસ્ટેજ પ્રી-પેઈડ બિઝનેસ રીપ્લાય કવર સહિતની સામગ્રી ૧૮મી મે, ૨૦૧૭ના રોજની કટ-ઓફ તારીખે અરજદાર કંપનીના ફિઝિકલ સ્વરૂપે અથવા તો ડીમટીરિયલાઈઝડ સ્વરૂપે શેર્સ ધરાવતા ઈક્વિટી શેરહોલ્ડર્સને રવાના કરવાની કામગીરી પુરી કરી દીધી છે.

૬. પોસ્ટલ બેલેટ ફોર્મ જેમને મળ્યા ના હોય તેવા ઈક્વિટી શેરહોલ્ડર્સ અરજદાર કંપનીની વેબસાઈટ www.adaniports.com ઉપરથી એ ડાઉનલોડ કરી શકે છે અથવા તો અરજદાર કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ડુપ્લિકેટ પોસ્ટલ બેલેટ પ્રાપ્ત કરી શકે છે.

૭. વોટીંગના સમયગાળા દરમિયાન, ઈક્વિટી શેરહોલ્ડર્સ વોટીંગ માટે ફક્ત કોઈપણ એક વોટીંગ પદ્ધતિનો વિકલ્પ અપનાવી શકે છે, એટલે કે તેઓ પોસ્ટલ બેલેટથી વોટ કરી શકે છે અથવા તો ઈ-વોટીંગ કરી શકે છે. કોઈ સંજોગોમાં કોઈ ઈક્વિટી શેરહોલ્ડર બન્ને રીતે – પોસ્ટલ બેલેટથી અને ઈ-વોટીંગથી વોટ કરશે તો તેવા કિસ્સામાં ઈ-વોટીંગથી કરાયેલું વોટીંગ માન્ય ગણાશે અને પોસ્ટલ બેલેટથી કરાયેલું વોટીંગ અમાન્ય ઠરશે. પોસ્ટલ બેલેટથી કે ઈ-વોટીંગથી વોટ કર્યો હોય તેવા ઈક્વિટી શેરહોલ્ડર્સ મીટિંગમાં તો હાજરી આપી શકે છે પણ, તેઓ ફરીથી પોતાનો વોટ આપી શકશે નહીં.

૮. પોસ્ટલ બેલેટ અને ઈ-વોટીંગ માટેની સૂચનાઓ સહિતની નોટીસ અરજદાર કંપનીની વેબસાઈટ www.adaniports.com તથા સીડીએસએલની વેબસાઈટ www.cdslindia.com ઉપર ઉપલબ્ધ છે.

૯. શ્રી રવિ કપૂરની, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી (સભ્યપદ નં. એફસીએસ ૨૫૮૭/સીઓપી ૨૪૦૭)ની નિમણુંક પોસ્ટલ બેલેટના તેમજ ઈ-વોટીંગની પ્રક્રિયાના તથા મીટિંગના સ્થળે વોટીંગની પ્રક્રિયાના વ્યાયી અને પારદર્શક રીતે સંચાલન માટે ચકાસણી કરનાર તરીકે કરવામાં આવી છે.

૧૦. પોસ્ટલ બેલેટ અથવા તો ઈ-વોટીંગ વિષેની કોઈ પૂછપરછ ફરિયાદો હોય તો એ વિષે અરજદાર કંપનીના કંપની સેક્રેટરી, શ્રીમતી દીક્ષી શાહ, અદાણી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ગુજરાત, ભારત સમક્ષ રજૂઆત કરી શકાશે અથવા તો તેમને ઈમેઈલથી dshah@adani.com. ઉપર તે મોકલી શકાશે. અરજદાર કંપનીના કંપની સેક્રેટરીનો સંપર્ક ફોન નંબર +૯૧ ૭૯ ૨૫૫૬ ૫૫૦૦ ઉપર કોલ કરવાથી થઈ શકશે.

કંપનીના પ્રેફરન્સ શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારોના કિસ્સામાં, વોટીંગ બેલેટ પેપર / પોલીંગ પેપરથી મીટિંગ્સના સ્થળે જ વોટીંગ કરાશે. શ્રી રવિ કપૂરની આ મીટિંગ્સ માટે પણ સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણુંક કરવામાં આવી છે. પ્રેફરન્સ શેરહોલ્ડર્સ માટે પાત્રતાની કટ-ઓફ તારીખ ૧૮મી મે, ૨૦૧૭ અને સીક્યોર્ડ લેણદારો (ડીબેન્ચર હોલ્ડર્સ સહિત) તથા અનસીક્યોર્ડ લેણદારો માટે પાત્રતાની કટ-ઓફ તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૧૭ નિયત કરવામાં આવી છે, આ તારીખે નામ નોંધાયેલું હોય તેઓ જ ઉપરોક્ત મીટિંગ્સમાં વોટીંગ કરી શકશે.

તારીખ ૨૪મી મે, ૨૦૧૭

રાધિકા હરિભક્તિ
મીટિંગ માટે નિયુક્ત કરાયેલા ચેરપર્સન

રજીસ્ટર્ડ ઓફિસનું સરનામુ: અદાણી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૯, ગુજરાત, ભારત
ફોન નં.: ૯૧ ૭૯ ૨૫૫૬ ૫૫૦૦
વેબસાઈટ: www.adaniports.com | CIN: L63090GJ1998PLC034182

પ્રચંડે નેપાળ કોંગ્રેસ સાથે થયેલી સમજૂતિ મુજબ રાજીનામું આપ્યું

(પીટીઆઇ) કાઠમંડુ, તા.૨૪

પોતાના પક્ષ અને નેપાળી કોંગ્રેસ વચ્ચે વારાફરતી સરકાર ચલાવવા અંગે થયેલી સમજુતીનો આદર કરીને નેપાળના વડા પ્રધાન પુષ્પકમલ દાહલ 'પ્રચંડા' એ નવ મહિના સુધી સત્તા ભોગવ્યા પછી આજે રાજીનામુ આપ્યું હતું.

નેપાળના બીજી વાર વડાપ્રધાન બનેલા પ્રચંડે વારાફરતી સરકાર ચલાવવા કરાર કર્યો હતો

૬૨ વર્ષના પ્રચંડાએ જીવંત પ્રસારણ કરતી વખતે જ રાજીનામાની જાહેરાત કરી હતી. વડા પ્રધાન તરીકેનો તેમનો આ બીજો કાર્યકાળ હતો. ત્રીજી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ નેપાળી કોંગ્રેસ સાથે ચૂંટણી સમજુતી કર્યા પછી તેઓ નેપાળના ૩૯માં વડા પ્રધાન તરીકે ચૂંટાઇ આવેલા.

સીપીએન- માઓવાદી સેન્ટરના ચેરમેન પ્રચંડાએ નેપાળી કોંગ્રેસના વડા શેર બહાદુર દેઉબા સાથે સમજુતી કરી હતી કે નવ મહિના પછી તેઓ વડા પ્રધાનપદેથી રાજીનામુ આપીને સત્તાના સૂત્રો તેમને સોંપી દેશે. ફેબ્રુઆરી, ૨૦૧૮માં સંસદની ચૂંટણીઓ યોજાય ત્યાં સુધી વારાફરતી સરકાર બનાવવાનો કરાર કરાયો હતો. પ્રચંડાને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાય ત્યાં સુધી ચાલુ રહેવાનું હતું અને બાકીની બે એટલે કે કેન્દ્ર અને પ્રાંતીય ચૂંટઈ દેઉબાના વડપણ હેઠળ યોજાય ત્યાં સુધી સરકારમાં રહેવાનુ હતું.

રાજકીય અસ્થિરતા વચ્ચે લોકશાહીને વધુ મજબૂત બનાવવા તરફના એક પગલાં તરીતે ૧૪ મેના રોજ લાખો નેપાળીઓએ છેલ્લા બે દાયકામાં પહેલી જ વાર યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

પાક. કોર્ટે ૩૫૦ ભારતીય માછીમારોને દોષિત ઠેરવ્યા

(પીટીઆઇ) કરાચી, તા. ૨૪

પાકિસ્તાનની હદમાં માછીમારી કરવાના આરોપ હેઠળ પાકિસ્તાનની એક કોર્ટે આજે ૩૫૦ ભારતીય માછીમારોને દોષિત ઠેરવ્યા હતાં. કોર્ટે તેમને સજા પણ ફટકારી છે.

જો કે આ સજા તેઓ અગાઉથી પૂર્ણ કરી ચૂક્યા હોવાથી કોર્ટે તમામ ભારતીય માછીમારોને સ્વદેશ પરત મોકલવાનો આદેશ આપ્યો છે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સલમાન અમજદ સિદ્દીકીએ ગઇકાલે માલિરમાં જિલ્લા જેલની મુલાકાત લીધી હતી. આ ૩૫૦ ભારતીય માછીમારો ૨૭ જાન્યુઆરીથી પાકિસ્તાનમાં કસ્ટડીમાં બંધ હતાં.

તમામની સજા અગાઉથી જ પૂર્ણ થઇ ગઇ હોવાથી કોર્ટે ઉદાર વલણ દાખવીને તમામને સ્વદેશ પરત મોકલવાનો આદેશ આપ્યો છે.

દલિતો-ઠાકુરો

(પહેલાં પાનાનું ચાલુ)

અહીં ફરી હિંસા ભડકી છે.

બીજી તરફ ઉત્તર પ્રદેશ સરકારે માર્યા ગયેલા દલીત યુવક આશીષના પરિવારને રૂપિયા ૧૫ લાખ જ્યારે જે પણ લોકો ઘવાયા છે તેને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. નોંધનીય છે કે ઠાકરુ સમુદાય અને દલિતો વચ્ચે ત્રણ સપ્તાહથી હિંસા ચાલી રહી છે. સૌપ્રથમ ઠાકુરોએ દલિતોના ૨૫ ઘર સળગાવ્યા હતા. દરમિયાન માયાવતી સહારનપુર આવ્યા તે પહેલા શબ્બીરપુરમાં એક ટોળાએ ઠાકુર સમુદાયના આશરે ૧૨ જેટલા ઘરોને આગ લગાવી દીધી હતી. જે બાદ આ વિસ્તારમાં ભારેલા અગ્ની જેવી સ્થિતિ છે. માયાવતીની રેલી પુરી થયા બાદ બસપાના સમર્થક-કાર્યકર્તાઓ પરત જઇ રહ્યા હતા ત્યારે કેટલાક અજાણ્યા શખ્સોએ એક યુવકની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. ભારે દબાણ બાદ જાગેલી યોગી આદિત્યનાથની સરકારે સહારનપુરના ડીએમ અને એસએસપીને સસ્પેન્ડ કર્યા હતા જ્યારે ડીઆઇજીનું ટ્રાન્સફર કરી દેવામાં આવ્યું છે.

ભારતનાં બંકરોનો

(પહેલાં પાનાનું ચાલુ)

હતો કે અમે નૌશેરા સેક્ટરમાં આ ઓપરેશનને અંજામ આપ્યો હતો. નોંધનીય છે કે નૌશેરા સેક્ટરમાં જ પાકિસ્તાન સૈન્ય દ્વારા સતત ગોળીબાર થઇ રહ્યો છે. આ વિસ્તારમાં ગ્રામીઓને નિશાન બનાવી છેલ્લા ૧૦ દિવસથી પાક. મોર્ટરમારો કરી રહ્યું છે.

નૌશેરા સેક્ટરમાં જ નવમી મેએ ભારતીય સૈન્યએ માત્ર ૨૦ સેકન્ડમાં જ પાકિસ્તાનની ૧૦ ચોકીઓ, પોસ્ટ અને બંકરોને તોડી નાખ્યા હતા. ભારતીય સૈન્ય દ્વારા હાથ ધરાયેલા આ ઓપરેશનને સર્જિકલ સ્ટ્રાઇક પાર્ટ-૨ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનાથી ગુસ્સે ભરાયેલા પાકિસ્તાન હવે પોતાનો વીડિયો જારી કરીને જુઠ્ઠાણા ફેલાવવાનું શરૂ કર્યું છે.

૧૩૦ કરોડની

(પહેલાં પાનાનું ચાલુ)

ભારતના ટેલિફોન ધારકોમાં ૧૧૬.૪૨ કરોડ મોબાઈલ એટલે કે વાયરલેસ ફોન ધરાવે છે. જ્યારે ૨.૪૩ કરોડ ગ્રાહકો લેન્ડલાઈફ ફોનના છે. સરકારી ઓફિસોમાં અને સંસ્થાઓમાં લેન્ડલાઈન ફોનનો ઉપયોગ હજુ પણ થાય છે. ફેબ્રુઆરી એક મહિના દરમિયાન જ ભારતમાં ટેલિકોમ ધારકોની સંખ્યામાં ૧.૩૭ કરોડ જેટલો વધારો નોંધાયો હતો.

૧૧૯ કરોડ ફોન ધારકોમાં ૬૯ કરોડ શહેરી વપરાશકર્તા છે, જ્યારે ૪૯ કરોડ કનેક્શન ગામડામાં નોંધાયા છે. મોબાઈલ કનેક્શન અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડ કરતી કંપનીઓ વચ્ચે હવે ફોર-જી સ્પીડ આપવાની ગળાકાપ સ્પર્ધા શરૂ થઈ છે. પરિણામે પોર્ટેબિલિટી કરવનારાની સંખ્યામાં પણ વધારો થયો છે. એકલા ફેબ્રુઆરી માસમાં ૫૬.૩૦ લાખ લોકોએ પોર્ટેબિલિટી કરાવી હતી. એટલે મોબાઈલ સર્વિસ માટેની કંપની બદલી નાખી હતી.

IndianOil

પાઇપલાઇન્સ વિભાગ-WRPL, ઈ-ટેન્ડર આમંત્રીત કરતી નોટિસ

ટેન્ડર નં.: KV-REP/TS/PWCON17002
કામનું નામ: હાલના કેચી સેક્શન અને બારેજા-નવાગામ પાઇપલાઇનથી ઉત્પાદન ખાલી કરવા માટે કોયલી-સાગાનેર પાઇપલાઇન અને બારેજા-નવાગામ પાઇપલાઇન (4 કિ.મી.)ના કોયલી-વિરમગામ (કેચી) સેક્શન (141 કિમી)નુ નાઇટ્રોજન (N2) પર્જિંગ.
ઈ-ટેન્ડર સ્ટાર્ટ્સ ડાઉનલોડ અવધિ: 25.05.2017 થી 07.06.2017 સુધી
ઓનલાઇન બિડ તૈયાર તથા જમા અવધિ: 31.05.2017 થી 07.06.2017 સુધી
સંપર્ક વ્યક્તિ:
કન્ટ્રક્શન મેનેજર, કેએસએસપીએલ, કોયલી
ફોન: 0265-2238089 / 2238085
ઈમેલ: bagheikarr@indianoil.in, asheesh@indianoil.in, khuranaa2@indianoil.in

ટેન્ડર નં.: WRPL/MUN/TS/2017-18/16 (2017_WRMUN_54745_1)
કામનું નામ: આઈઓસીએલ પશ્ચિમી ક્ષેત્ર પાઇપલાઇન્સ મુંબ્રા ખાતે ડ્રેઇન સમારકામનું કામ.
ડાઉનલોડ/ઓનલાઇન બિડ તૈયાર તથા જમા અવધિ: 25.05.2017 (10:00 Hrs) થી 14.06.2017 (18:00 Hrs) સુધી
સંપર્ક વ્યક્તિ: સિનિયર મેનેજર (ટી એન્ડ આઈ)
ફોન: 02838-296575, 9911727879
ઈમેલ: gaurav@indianoil.in

ટેન્ડર નં.: PWRJT17015 (2017_WRRAJ_54715_1)
કામનું નામ: WRPL,IOCL પાઇપલાઇન્સ રેસિડેન્શિયલ કોમ્પલેક્સ-રાજકોટ ખાતે પાઇપલાઇન હાઉસ / પાઇપલાઇન હાઉસ એનેક્સ / ટ્રાન્ઝિટ કેમ્પ માટે હેલ્થિંગ/હાઉસ કીપિંગ સર્વિસીઝ અને અન્ય સંબંધિત જોબ્સ પૂરા પાડવા.
ઈ-ટેન્ડર સ્ટાર્ટ્સ ડાઉનલોડ અવધિ: 30.05.2017 થી 19.06.2017 સુધી
ઓનલાઇન બિડ તૈયાર તથા જમા અવધિ: 08.06.2017થી 19.06.2017 સુધી
સંપર્ક વ્યક્તિ: ચીફ મેનેજર (ટી એસ)
ફોન: 0281-2333380
ફેક્સ: 0281-2788417/2788419
ઈમેલ: jkrai@indianoil.in, arunov@indianoil.in

ટેન્ડર નં.: VGMTS1719 (2017_WRVGM_54736_1)
કામનું નામ: WRPL, વિરમગામ ખાતે રેસીડેન્શીયલ કોલોનીનું વ્યાપકજનીનીકરણ.
ડાઉનલોડ/ઓનલાઇન બિડ તૈયાર તથા જમા અવધિ: 26.05.2017 at 0900 hrs થી 23.06.2017 upto 1500hrs
સંપર્ક વ્યક્તિ: ડેપ્યુટી જનરલ મેનેજર
ફોન: 02715 - 230515/528/529
ઈમેલ: csekhar@indianoil.in, rahult@indianoil.in, jignesh@indianoil.in, navneetk2@indianoil.in

કૃપા કરીને વધુ વિગતો માટે અમારી વેબસાઇટ https://iocletenders.gov.in પર વિઝિટ કરો. વહલપૂર્ણ ૧ બાબત સ્પષ્ટ કરી, સુમારા, શુદ્ધિપત્ર વગેરે (જો કોઈ હોય તો) બે ખૂટી હોય ત્યારે ઉપર લખેલ વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવશે. તેને સમાચાર પત્ર કે અન્ય કોઈપણ માધ્યમ દ્વારા પ્રસિદ્ધિ કરવામાં આવશે નહીં.

નાણાકિય વર્ષ ૨૦૧૮ના બજેટ માટે ટ્રમ્પ સરકારે પ્રસ્તાવ રજૂ કર્યો

અમેરિકા પાક.ની લશ્કરી સહાયમાં ૧૯ કરોડ ડોલરનો કાપ મૂકશે

(પીટીઆઈ) વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકા દ્વારા પાકિસ્તાનને અપાતી આર્થિક મદદમાં ૧૯ કરોડ ડોલરનો કાપ મુકવાનો પ્રસ્તાવ ટ્રમ્પ વહિવટતંત્રએ રજૂ કર્યો છે. નાણાકિય વર્ષ ૨૦૧૮ના બજેટની તૈયારીરૂપે આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

અમેરિકા તરફથી ૨૦૧૬માં પાકિસ્તાનને ૫૩.૪ કરોડ ડોલરની કુલ સહાય મળી હતી, આ વખતે કુલ ૩૪.૪ કરોડ ડોલરની મદદ મળશે

એ પ્રમાણે અમેરિકા પાકિસ્તાનને કુલ ૩૪.૪ કરોડ ડોલરની સહાય કરશે. આ સહાયમાં ૧૦ કરોડ ડોલર ફોરેન મિલિટરી ફન્ડિંગના હશે. એટલે કે પાકિસ્તાનને શસ્ત્ર ખરીદી માટે અપાશે. ૨૦૧૬માં પાકિસ્તાનને અમેરિકા તરફથી નાણાકિય સહાય અને મિલિટરી ફંડ મળીને ૫૩.૪ કરોડ ડોલરની રકમ મળી હતી.

અમેરિકી વિદેશ વિભાગેના સત્તાવાર બયાનમાં કહેવામાં આવ્યુ હતુ કે આતંકવાદ સામેની લડતમાં પાકિસ્તાન મહત્ત્વનું ભાગીદાર છે. પાકિસ્તાનનું અર્થતંત્ર પણ ઝડપથી વિકસી રહ્યું છે. માટે આ પ્રકારની મદદ અમેરિકા ચાલુ રાખશે. અમેરિકા વર્ષોથી પોતાના મિત્ર રાષ્ટ્રોને શસ્ત્રો ખરીદવા માટે નાણાકિય સહાય આપતુ રહે છે. પાકિસ્તાન તેનું સૌથી મોટું લાભાર્થી છે. અલબત્ત, અત્યાર સુધી આ રકમ સહાય તરીકે અપાતી હતી. હવે કદાચ તેને લોનમાં ફેરવી દેવાશે. એટલે કે પાકિસ્તાને કોઈક રીતે એ રકમ અમેરિકાને પરત કરવી પડી શકે છે.

આ વર્ષે પણ પાકિસ્તાનને લશ્કરી ખરીદી માટે ૧૦ કરોડ ડોલર જ્યારે અન્ય લશ્કરી નાણાકિય સહાય તરીકે બીજા ૨૫ કરોડ ડોલરની રકમ આપશે. જોકે પાકિસ્તાન તેને મળતી રકમનો દૂરુપયોગ કરે છે એ વાત હવે જગજાહેર છે. અમેરિકાના ફોરેન મિલિટરી ફન્ડિંગ પ્રોજેક્ટ હેઠળ જગતના ૭૨ દેશોને આર્થિક મદદ કરે છે. પાકિસ્તાન ઉપરાંત એશિયામાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ સહિતના અનેક દેશોને અમેરિકી ડોલરનો જથ્થો મળતો રહે છે.

ઓસ્ટ્રેલિયન પ્રધાનની ઓસ્ટ્રેલિયાને ચેતવણી

અદાણી પ્રો